سرکار کا جسم بے سایہ

# નબી પાકના

صَلَّى اللّٰهُ تَعَالىٰ عَلَيْكَ وَسَلَّمَ

# શરીરને પડછાયો ન હતો


:: લેખક ::

રઈસુલ કલમ હઝરત અલ્લામા

**અર્શદુલ કાદરી જમશેદપૂરી** رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી** (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web. barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૧૭૧ આવૃત્તિ–૧ પ્રત: ૪૫૦૦

૧૬–શાબાનુલ મુઅઝઝમ્ હિ.સ. ૧૪૩૦ ઓગષ્ટ–૨૦૦૯



પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


## અ...નુ...ક્ર...મ...ણિ...કા...


✷ પ્રસ્તાવના....(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી) 03

✷ સરકાર ﷺના શરીર મુબારકના પડછાયા સંબંધે પ્રશ્ન 05

✷ અલ્લામા અર્શદુલ કાદરીનો જવાબ 06

✷ પડછાયો ન હોવું હદીષોની રોશનીમાં 07

✷ સાયો ન હોવાની સાબિતીમાં ઉમ્મતના બુઝુર્ગોની સનદવાળી સાક્ષીઓ 09

✷ નબી ﷺ ના શરીર મુબારકને સાયો હતો એવું કહેનારી દલીલોનું પરીક્ષાત્મક વિશ્લેષણ 14

✷ દેવબંદી વિચારશ્રેણીનો ભયાનક અંજામ ! 15

✷ આ દેવબંદી વિચારશ્રેણી નાસ્તિકો સમાન છે ! 17

✷ હુઝૂર ﷺ નૂરી બશર હતા, આપણા જેવા નહીં ! 19

✷ **દેવબંદીઓની કિતાબોથી સાબિતી** 21

✷ હે હઠીલા દેવબંદીઓ ! તમારા વડીલોનું તો માનો ! 21

✷ દેવબંદીઓના પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહીનું લખાણ 21

✷ દેવબંદી પેશવા મોલ્વી અશ્રફઅલી થાનવીનું બયાન 22

✷ મુફતીએ દેવબંદ મુફતી અઝીઝુર્રહમાનનો ફત્વો 22


"બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે તે ગયબ બતાવનાર (નબી) પર, હે ઈમાનવાળાઓ ! તેમના પર દુરૂ દઅને ખૂબ સલામ મોકલો.''



## પ્રસ્તાવના...............

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

***તૂ હૈ સાયા નૂર કા હર અઝ્વ ટુકળા નૂર કા***
***સાયે કા સાયા ન હોતા હૈ ન સાયા નૂર કા***

*–(આ'લા હઝરત رحمة الله عليه)*

*"દારુલ ઉલૂમ અ.ઈ. ભરૂચ"–કંથારિયા (તા. જિ. ભરૂચ)થી "દારુલ ઉલૂમ" નામનું માસિક અહલે સુન્નત વ જમાઅતથી હટીને ગુમરાહકુન અક઼ીદા ધરાવતા વહાબી–દેવબંદી–જમાઅતી મોલ્વીઓના સંપાદન હેઠળ નીકળતું માસિક છે. લોકોને ધોકો આપવા શિકારી જેમ ભોળાં પક્ષીઓને ફસાવવા જાળમાં દાણા નાખે તેમ તેઓ ભોળા મુસ્લિમોને ફસાવવા તેના ટાઈટલ પેજના મથાળે "અહલે સુન્નત વલ જમાઅતનું તર્જુમાન" લખે છે, તો એનાથી સુન્નીઓએ ધોકો ખાવો નહીં. એ "દેવબંદી જમાઅતી ફ઼િર્ક઼ાનું તર્જુમાન" છે, એઓ સુન્ની હરગિઝ નથી. સાચા અહલે સુન્નત કોણ છે ? એ દર્શાવતી કિતાબ* **"સુન્ની કોણ ?"** *દારુલ ઉલૂમ શાહે આલમ–જમાલપુર રોડ, અમદાવાદથી વરસો પહેલાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે અને હજી પણ મળે છે, એનો આજ લગી તેમનાથી જવાબ બન્યો નથી.* ***જેમાં રસૂલ, સહાબા,***





***તાબઈનથી લઈને અત્યાર સુધી અહલે સુન્નતનો શું અક઼ીદો રહ્યો છે તે કુર્આન, હદીષ તથા ઉલમાનાં કથનોની રોશનીમાં સમજાવેલ છે,*** *તેનો અભ્યાસ કરો. ઉપરાંત અમારે ત્યાં* **દયાદરા***થી પણ કિતાબો મંગાવો જેમાં પૂર્વજ બુઝુર્ગોના અક઼ીદાથી આ વહાબી દેવબંદીઓનો અક઼ીદો તદ્દન વિપરીત છે તે સમજાવેલ છે જેને વાંચો તેમજ "ઝલઝલા" કિતાબ મંગાવી તેમની ડબલ પોલીસીને પણ જાણો, અને આવા ધોકાબાઝોને ઓળખી તેમનાથી દૂર રહી તમારા ઈમાનને બચાવો. એમનાં માસિકો તથા કિતાબોમાં તમને હુઝૂર ﷺના મો'જિઝા કે બુઝુર્ગોની કરામતોનું વર્ણન નહીં, પણ કુર્આન હદીષના ગલત અર્થઘટનો કરીને પૂર્વજ બુઝુર્ગોથી વિરુદ્ધની સ્વરચિત તૌહીદની આડમાં નબી વલીની તૌહીન કરતી નકારાત્મક વાતો જ જોવા મળશે. અહીં અમે સરકારે દો જહાં ﷺના* ***શરીર મુબારકને પડછાયો ન હતો એ બાબતે પૂર્વજ બુઝુર્ગોનો શો અક઼ીદો હતો*** *તે રજૂ કર્યો છે. જ્યારે આ જ* ***વહાબી દેવબંદીઓએ તેમના એ જ માસિકમાં આ બાબતે તદ્દન ઈન્કાર કરીને પોતાની અસલિયત છતી કરીને નબી કરીમ ﷺની ફઝીલતવાળી દરેક વાતથી તેમને કેટલી જલન થાય છે તે સ્પષ્ટ કર્યું છે.*** *તો એ વિષયે પ્રસ્તુત લેખ* **"સરકાર કા જિસ્મ બેસાયા"** *કિતાબ (અઝ : અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمة الله عليه)માંથી રજૂ કર્યો છે, જેને વાંચો અને તમારા ઈમાનમાં તાજગી મેળવો.*

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(તા. ૯–૮–૨૦૦૯, વાર : રવિવાર, હિ.સ. ૧૪૩૦, શાબાનુલ મુઅઝ્ઝમ)*

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ ﷺ
وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللهِ ﷺ
نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

## ★ સરકાર ﷺના શરીર મુબારકના પડછાયા સંબંધે પ્રશ્ન ★

મુકર્રમી જનાબ તંત્રી સાહબ જામે નૂર (કલકત્તા), અસ્સલામુ અલૈકુમ ! અમારા ત્યાં હુઝૂર જાને નૂર ﷺના શરીર મુબારકના પડછાયાના સંબંધે ચર્ચા છેડાઈ છે. અમુક લોકો કહે છે કે હુઝૂરનો પડછાયો ન હોવાનો અક઼ીદો અક઼્લ તથા નક઼્લ બંનેની વિરુદ્ધ છે. એક બશર (માનવ) હોવાના લેહાઝથી જ્યારે હુઝૂરની સાથે સર્વ બશરી બાબતો જોડાયેલી હતી, તો પછી શરીરનો પડછાયો પણ માનવીય ખૂબીઓમાંથી છે, એના ન હોવાનો ખયાલ જ મુદ્દલે ગલત છે. એમનું કહેવું છે કે એ શાયરોની કલ્પનાઓને લોકોએ અક઼ીદો બનાવી લીધો છે. રિવાયતમાં પણ કોઈ એવો વિશ્વાસપાત્ર ખુલાસો મૌજૂદ નથી કે હુઝૂર ﷺના શરીર મુબારકને પડછાયો ન હતો.

તો મહેરબાનીથી આ મસ્અલા પર વિગતવાર પ્રકાશ વેરીને સહીહ મસ્લકથી માહિતગાર કરશો.

*(પ્રશ્નકર્તા : રિયાઝુલ ઈસ્લામ, બિજનોર, યુ.પી.)*





## ★ અલ્લામા અર્શદુલ ક઼ાદરીનો જવાબ ★

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہએ આ મસ્અલા પર ખૂબ જ સાબિતીપૂર્ણ ચર્ચા કરી છે[૧]. અને દલીલપૂર્ણ રીતે સાબિત કર્યું છે કે હુઝૂરને પડછાયો ન હોવાનો અક઼ીદો પબ્લિકનો કાઢેલો નથી બલ્કે પૂર્વજ ઈમામોની સ્પષ્ટતાઓ તથા રિવાયતો તથા દલીલોથી સાબિતી છે.

પ્રિય બંધુ ! આજના ફિત્નાસભર દૌરમાં વિચાર તથા ચિંતનનો અધર્મતા જેટલી પણ માથે ચઢી જાય એટલી ઓછી છે. તમે પડછાયો ન હોવાની સાબિતીમાં હદીષોની દલીલો માંગી રહ્યા છો, જ્યારે કે તમારા જ દેશમાં એક એવો તબક઼ો પણ વસે છે જે મુદ્દલે હદીષોને જ નથી માનતો ! અને આ ઈન્કાર કેવળ ઈન્કારની હદ સુધી નથી, બલ્કે તેમનો દાવો છે કે આ ઈન્કાર પાછળ તેમની પાસે દલીલોનો અંબાર મૌજૂદ છે ! તેમનું કહેવું છે કે ઈસ્લામના અહકામ (હુકમો)નો પાયો કેવળ કુર્આન પર જ છે, હદીષોનો સંગ્રહ તદ્દન વિશ્વાસપાત્ર નથી. કાલે એના પર પણ ચર્ચા છેડાઈ શકે છે તથા દલીલોના સહારે હદીષોનો ઈન્કાર કરીને પણ એક શખ્સ મુસ્લિમ સમાજ સાથે પોતાનો ધાર્મિક સંબંધ ચાલુ રાખી શકે છે.

તો આવા ગુમરાહુકન તથા અવિશ્વસનીય સંજોગોમાં સલામતીનો એના સિવાય અન્ય કોઈ માર્ગ નથી કે સૌમાં યોગ્ય નિર્ણય કરનારા પૂર્વ જ બુઝુર્ગો (અસ્લાફ)ની રાય પર આંખો

*૧. આ વિષયમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہની ત્રણ કિતાબો છે :– (૧) નફીયુલ ફય્યિ અમ્મન બિ નૂરિહી આષારુ કુલ્લિ શય (૨) ક઼મરુત્તમામ ફી નફીયિલ ફય્યિ વઝિલ્લિ અન્ સૈયદિલ અનામ (૩) હુદલ્ હય્રાન ફી નફિયિલ્ ફય્યિ અન સૈયિદિલ ઈન્સિ વલ જિનાન*

બંધ કરીને વિશ્વાસ કરવામાં આવે. વૈચારિક અધર્મતા તથા દિમાગી અહમના તોફાનમાં વહી ગયા તો એક તણખલુ પણ સલામત રહેશે નહીં. હમણા તો રસૂલે પાક ﷺના "પડછાયાનો" જ મસ્અલો છે, બદ્‌મસ્ત શરાબીઓની જેમ બહેકવાનો આ જ અંદાઝ રહ્યો તો એક દિવસે અસલ "રસૂલ"નો જ મસ્અલો તેમની મજલિસોમાં ચર્ચા હેઠળ આવી જશે ! હદીષોના એતબારનો મક઼ામ ઘાયલ થયા બાદ કુર્આનની બુનિયાદ હાલવામાં કેટલીવાર લાગી શકે છે ?! એટલા માટે ધોકાબાઝ અધર્મીઓની પદ્ધતિ અપનાવવાના બદલે વિશ્વસનીય પેશ્વાઓની પદ્ધતિ અપનાવવી જોઈએ. હવે તમો નીચેના લખાણમાં તમારા પ્રશ્નના સંબંધે થોડાક ઈર્શાદો જોઈ લો.

સૌ પ્રથમ નક઼લ તથા રિવાયતોના એતબારથી રસૂલે પાક ﷺના શરીર મુબારકનો પડછાયો ન હોવાના અક઼ીદાની ચકાસણી કરીએ.

**★ પડછાયો ન હોવું હદીષોની રોશનીમાં ★**

**૧.** ઈમામુલ હદીષ હઝરત હકીમ તિર્મિઝી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "નવાદિરુલ ઉસૂલમ"માં હઝરત ઝકવાન رضی اللہ عنہથી આ હદીષ રિવાયત કરે છે : "સરવરે આલમ ﷺનો સાયો મુબારક ન સૂરજના તાપમાં જોવા મળતો હતો ન ચાંદનીમાં." *(અલ્ મવાહિબુલ્લદુન્નિયા અલલ્ શમાઈલિલ્ મુહમ્મદિયા, પેજ–૩૦, મિસર, કઝાફિલ્ ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૨૨૦, મિસર)*

**૨.** સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ તથા હાફિઝ બિન જવઝી رحمۃ اللہ علیہ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે : "સરવરે આલમ ﷺના શરીર મુબારકનો સાયો ન હતો, સૂરજના તડકામાં ન ચિરાગના પ્રકાશમાં. સરકારનું





નૂર સૂરજ તથા ચિરાગના નૂર પર ગાલિબ રહેતું હતું. *(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૮, અઝ: નફીઉઝ્ ઝિલ્લ, અલ્લામા કાઝમી, ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૪, પેજ–૨૨૦, જમઉલ વસાઈલિ લિલ્ કારી, ભાગ–૧, પેજ–૧૭૬)*

**૩.** ઈમામ નસફી તફસીરે મદારિક શરીફમાં હઝરત ઉષ્માન رضی اللہ عنہથી આ હદીષ નક઼લ કરે છે : "હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે ખુદા عزوجلએ આપનો સાયો જમીન પર પડવા નથી દીધો જેથી એના પર કોઈ માણસનો પગ ન પડે." *(મદારિક શરીફ, ભાગ–૨, પેજ–૧૦૩, મઆરિજુન્નબુવ્વત ફારસી, રુકને ચહારુમ, પેજ–૧૦૦ તથા મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૬૧)*

**૪.** હઝરત ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہએ "ખસાઈસે કુબરા શરીફ"માં ઈબ્ને સબઅથી આ રિવાયત નકલ કરી : "ઈબ્ને સબઅએ કહ્યું કે આ પણ હુઝૂરે અકરમ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે સરકારનો સાયો જમીન પર પડતો ન હતો, કેમ કે તે નૂર હતા. સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં જ્યારે ચાલતા હતા તો પડછાયો જોવા મળતો ન હતો." *(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૮)*

અમુક ઈમામોએ કહ્યું કે આ બાબત પર હુઝૂર ﷺની તે હદીષ સાક્ષી છે જેમાં હુઝૂરની આ દુઆ નકલ થયેલ છે કે પરવરદિગાર ! મને નૂર બનાવી દે.

નમૂના રૂપે આ ચાર હદીષો એ દાવાની સાબિતીમાં પૂરતી છે કે સરકાર ﷺના શરીર મુબારકને સાયો ન હોવાનો અક઼ીદો તદન પાયાહિન નથી બલ્કે તેનાં મૂળો રિવાયતો તથા હદીષોના હેઠળ મૌજૂદ છે.

શક્ય છે કે ઉપરોક્ત હદીષો પર કોઈ વાંધો ઉઠાવે અને એને

ફન્ની (વિદ્યાકળાની) દૃષ્ટિએ સનદને પાત્ર ન સમજતો હોય. આમ તો અમે કોઈના ખયાલ પર પાબંદી નથી લગાડી શકતા પરંતુ એટલું જરૂરી કહીશું કે આજના ઈલ્મવાળા (આલિમો) જાણકારીની વિશાળતા, ઈમાનના નૂરની દૃષ્ટિ, રહસ્યોની માલૂમાત, નિય્યતની નિઃસ્વાર્થતા અને પ્રમાણિક્તાના લેહાઝથી પૂર્વજ બુઝુર્ગોની સરખામણીમાં કોઈ રીતે પણ અગ્રતાને પાત્ર નથી થઈ શકતા. જ્યારે કે દરેક યુગના ઈમામોએ આ રિવાયતોની રોશનીમાં આ અક઼ીદાનું સમર્થન કર્યું છે કે હુઝૂર ﷺના પાક શરીરનો પડછાયો હતો નહીં. જેમ કે અગાઉના લખાણમાં કેટલાક મશ્હૂર ઈમામોની સ્પષ્ટતા જુઓ.

### ★ સાયો ન હોવાની સાબિતીમાં ઉમ્મતના બુઝુર્ગોની સનદવાળી સાક્ષીઓ ★

**ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہનું ફર્માન:** "હુઝૂર જાને નૂર ﷺનો સાયો જમીન પર પડતો ન હતો, અને ન સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં સાયો જોવા મળતો હતો. ઈબ્ને સબઅ એનું કારણ દર્શાવે છે કે હુઝૂર ﷺ નૂર હતા. રઝીંએ કહ્યું કે હુઝૂરનું નૂર સૌના ઉપર સવાર હતું" *(અન્મુઝ્જુલ્લબીબ)*

**ઈમામુઝ્ઝમાં ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہનું ફર્માન:** "એ જે વર્ણન કરવામાં આવેલ છે કે સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં હુઝૂર ﷺના શરીર મુબારકનો સાયો પડતો ન હતો, તો એનું કારણ એ છે કે હુઝૂર નૂર હતા." *(શિફા શરીફ, ક઼ાઝી અયાઝ, ભાગ–૧, પેજ–૩૨૪)*

**અલ્લામા શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ નું ફર્માન :** "અઝમત તથા એહતેરામ (મહાનતા તથા ઈજ્જત)ને કારણે આપના શરીરનો પડછાયો જમીન પર પડતો ન હતો, જ્યારે કે





હુઝૂરના કરમ (કૃપા)ના સાયામાં સર્વ માનવો ચૈનની નિંદ્રા સૂએ છે, એનાથી અધિક આશ્ચર્યજનક વાત બીજી શું હોય શકે છે ?!

આ બાબતની ગવાહી માટે કુર્આનની આ ગવાહી પૂરતી છે કે હુઝૂર ﷺ નૂરે મુબીન છે અને હુઝૂરનો સાયો ન હોવું બશર (માનવ) હોવાની વિરુદ્ધ નથી." *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૩૧૯ મિસ્રી)*

**ઈમામ અહમદ કસ્તલાની رحمۃ اللہ علیہનું ફર્માન:** સરકારે દો આલમ ﷺના શરીર મુબારકનો સાયો ન સૂર્યની રોશનીમાં પડતો હતો ન ચંદ્રની ચાંદનીમાં. ઈબ્ને સબઅ તેનું કારણ વર્ણન છે કે હુઝૂર નૂર હતા એટલા માટે ચાંદની અને તડકામાં ચાલતા હતા તો પવિત્ર શરીરનો પડછાયો પડતો ન હતો." *(મવાહિબુલ્ લદુન્નિયા, ભાગ–૧, પેજ–૮૦, ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૨૦)*

**અલ્લામા હુસૈન ઈબ્ને મુહમ્મદ દયાર બિક્રીનું ફર્માન :** "હુઝૂર ﷺના પવિત્ર શરીરનો પડછાયો ન સૂરજના પ્રકશમાં પડતો હતો ન ચાંદનીમાં." *(કિતાબુલ ખમીસ, અન્નુઉર્રાબેઅ)*

**ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہનું ફર્માન :** "એ વાતના સમર્થનમાં કે હુઝૂર સરાપા (માથાથી પગ સુધી) નૂર હતા એ હક઼ીક઼તને પ્રદર્શિત કરવા પૂરતુ છે કે શરીર પાકનો સાયો ન તડકામાં પડતો હતો ન ચાંદનીમાં. એટલા માટે કે પડછાયો ગાઢ ચીજનો હોય છે અને ખુદા તઆલાએ હુઝૂરને સર્વ શારીરિક નાપાકીઓ (ગાઢપણા)થી પાક કરીને તેમને "તદન નૂર" બનાવી દીધા હતા એટલા માટે એમનો પડછાયો પડતો ન હતો." *(અફ્ઝલુલ્ કુર્રા, પેજ–૭૨)*

**અલ્લામા સુલૈમાન જમલ رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂર ﷺના શરીર પાકનો પડછાયો ન સૂર્ય પ્રકાશમાં પડતો હતો ન

એ ચંદ્રની ચાંદનીમાં. *(.........)*

**શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂરે પાક ﷺનો પડછાયો ન સૂર્ય પ્રકાશમાં પડતો હતો ન ચંદ્રની ચાંદનીમાં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૨૧)*

**ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂરે પાક ﷺનો સાયો ન હતો અને એનું કારણ એ છે કે આલમે શહાદતમાં દરેક ચીજ કરતાં તેનો સાયો લતીફ (બારીક) હોય છે અને સરકાર ﷺની શાન એ છે કે સૃષ્ટિમાં એમનાથી વધુ લતીફ ચીજ કોઈ છે જ નથી, પછી હુઝૂરનો સાયો કઈ રીતે પડતો ?" *(મક્તૂબાત, ભાગ–૩, પેજ–૧૪૭, પ્રેસ નવલકિશોર, લખનૌ)*

**મજમઉલ બિહારના કર્તા અલ્લામા શૈખ મુહમ્મદ તાહિર رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂર ﷺના નામોમાંથી "નૂર" પણ એક નામ છે અને તેની વિશિષ્ટતા છે કે હુઝૂરનો સાયો ન તડકામાં પડતો ન ચાંદનીમાં" *(ઝુબ્દહ શરહે શિફા, મજમઉલ બિહારિલ્ અન્વાર)*

**ઈમામ રાગિબ અસ્ફહાની رحمۃ اللہ علیہનું ફર્માન :** "રિવાયત થયેલ છે કે જ્યારે નબી ﷺ ચાલતા તો આપનો પડછાયો પડતો ન હતો." *(અલ્ મઅરૂફુર્રાગ઼િબ)*

**સીરતુલ હલબિય્યાના કર્તા (સીરતે શામીના કર્તા)નું ફર્માન :** "હુઝૂર ﷺ જ્યારે સૂર્ય અથવા ચંદ્રના પ્રકાશમાં ચાલતા તો આપનો પડછાયો પડતો ન હતો, એટલા માટે કે આપ નૂર હતા." *(સીરતુલ્ હલબિય્યા, ભાગ–૪, પેજ–૨૨, મિસ્રી)*

**ઈમામ તક઼ીઉદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہનું ફર્માન :** "રહમાન ખુદાએ આપના સાયાને જમીન પર પડવાથી પાક રાખ્યો અને





પાયમાલીથી બચાવવા માટે આપની ઉચ્ચતાના કારણે એને લપેટી દીધો કે જોવા ન મળે." *(સીરતુલ હલબિય્યા, ભાગ–૨, પેજ–૯૪)*

**અલ્લામા મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہનું ફર્માન :** ".....કે હુઝૂર ﷺનો પડછાયો ન હતો, ન સૂરજની રોશનીમાં ચાલતી વખતે અને ન ચંદ્રની ચાંદનીમાં." *(જમ્ઉલ વસાઈલ, ભાગ–૧, પેજ–૪૭)* ઈમામ શયખ અહમદ મનાવી પણ એવું જ ફર્માવે છે.

**ઈમામુલ આરિફીન મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہનું ફર્માન :** "જ્યારે ફકીરની મંઝિલમાં દુરવેશ ફનાનો લિબાસ પહેરી લે છે તો મુહમ્મદ ﷺની જેમ તેનો પણ સાયો અદશ્ય થઈ જાય છે." *(મષ્નવી મઅનવી, દફતર પંજુમ)*

હઝરત અલ્લામા બેહરુલ ઉલૂમ લખનવી رحمۃ اللہ علیہ એની શરહ (ખુલાસા)માં ફર્માવે છે : બીજા મિસ્રામાં હુઝૂર ﷺના એ મો'જિઝાની પ્રતિ નિર્દેશ થઈ કે હુઝૂરનો સાયો ન હતો."

**ઈમામુલ મુહદ્દિષીન હઝરત શાહ અબ્દુલ અઝીઝ બિન શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીનું ફર્માન :** "જે વિશિષ્ટતાઓ હુઝૂર ﷺના શરીર પાકમાં અતા કરવામાં આવી હતી એનામાંથી એક એ પણ હતી કે આપનો સાયો જમીન પર પડતો ન હતો." *(તઝકેરતુલ મૌતા વલ કુબૂર, પેજ–૧૩)*

**ક઼ાઝી ષનાઉલ્લાહ પાનીપતી (બાલાબુદ્દા મિન્હૂના કર્તા)નું ફર્માન :** "હું કહું છું કે રસૂલે ખુદા ﷺને સાયો ન હતો." *(તઝકેરતુલ મૌતા વલ કુબૂર, પેજ–૧૩)*

ઉમ્મતના મશ્હૂર ઈમામોનાં આ લખાણો ફરી એકવાર ધ્યાનપૂર્વક વાંચી જાવ. વાત ઉપર છલ્લી રીતે નથી કહેવામાં આવી, આગળ પાછળ અક઼્લ તથા નક઼્લનો અંબાર પણ છે.

ઈન્કાર કરનારાઓ પાસે સૌથી મોટી દલીલ હુઝૂરનું બશરી (માનવ) સ્વરૂપમાં હોવું છે, તો આ દલીલ પણ ઉપરોક્ત વર્ણવેલ આપણા મહાન પેશ્વાઓની નજરોથી ઓજલ નથી, પોતાના લખાણોમાં એનો ઉલ્લેખ પણ કરે છે તેમ છતાં પણ સ્પષ્ટતા કરે છે કે હુઝૂર ﷺના શરીર મુબારકને સાયો ન હતો. એનાથી જાણવા મળે છે કે **તેમનો આ અક઼ીદો અજાણતામાં નથી બલ્કે ભરપુર માલૂમાતના અજવાળામાં છે.** શું એના પછી પણ એ ઈલ્ઝામના માટે ગુંજાઈશ રહી જાય છે કે શરીર પાકનો પડછાયો ન હોવાનો ખયાલ પબ્લિકના દિમાગનો કાઢેલો છે ?! મિલ્લતના તે પેશ્વાઓને જો પબ્લિકની સફમાં ખડા કરવામાં (ગણવામાં) આવે તો પ્રથમ એ જણાવવામાં આવે કે સહાબા તથા તાબઈન તથા તબએ તાબઈન પછી ઉમ્મતના પેશ્વાઓ મોટેરાઓની યાદીમાં કોણ લોકો આવે છે ?

પૂર્વગ્રહવાળાં દિલોને સાંત્વન પહોંચાડવાનું આપણા ઈખ્તિયારમાં નથી, પરંતુ કમસે કમ વર્ણન થનાર હદીષો તથા બુઝુર્ગોની રિવાયતોની રોશનીમાં જરૂર એટલું તો સ્વીકારવું પડશે કે નબી કરીમ ﷺના શરીર મુબારકને પડછાયો ન હોવાના સંબંધે આમ મુસલમાનોનો આ અક઼ીદો પાયાહિન નથી. સાબિતીની કેવળ દલીલો જ નથી પણ વિશ્વસનીય હસ્તીઓની માન્યતા પણ એ જ છે. પડછાયો ન હોવાની સાબિતીમાં સહાબાના યુગથી લઈને આખરી દૌર સુધીની આ સતત વારસાગત ગવાહીઓ વર્તમાનકાળના અમુક દીવાના માણસોના ઈન્કારને લીધે હરગિઝ તરછોડી શકાશે નહીં. મઝહબી અઝમતોની પાયમાલીનું આનાથી અધિક દર્દનાક માતમ અન્ય શું હોય શકે છે કે જેહાલતના શહેરનો દરેક હલકી કક્ષાનો વ્યક્તિ રાઝી તથા ગિઝાલીના સ્થાનેથી વાત કરે છે ! અને તમાશો એ છે





કે તહતુષ્ષરામાં ઘુસેલી બુનિયાદોમાં ખૂદ પોતાના જ દિમાગની બુનિયાદ હાલી ઉઠે છે. ખુદાએ ક઼દીર વર્તમાનકાળની બુરાઈઓ તથા ફ઼િત્નાઓથી ભોળાભાળા મુસલમાનોને મેહફૂઝ રાખે.

અહીં સુધી નક઼્લ તથા રિવાયતની હેસિયતથી મસ્અલા પર ચર્ચા કરવામાં આવી. આગળ જતાં ''બશરિયત''ની દલીલની ભરપુર સમીક્ષા જુઓ.

## ★ નબી ﷺ ના શરીર મુબારકને સાયો હતો એવું કહેનારી દલીલોનું પરીક્ષાત્મક વિશ્લેષણ ★

સરકારે રિસાલત ﷺના જિસ્મે અન્વાર (શરીર મુબારક)ને સાયો ન હોવાના ઈન્કારમાં નકારનારાઓ તરફથી જે દલીલ ખૂબ જ પુરજોશમાં રજૂ કરવામાં આવે છે તે સરકાર ﷺની ''બશરિયત'' (માનવપણુ) છે.

મુન્કિરો (નકારનારાઓ)ની વિચારશ્રેણી તથા તેમની દલીલ પધ્ધતિની દિશા સમજવા માટે એક પુરજોશ મેમ્બરની દલીલ જોઈ લો :

''જે શખ્સ એવું કહે છે કે સાયો કષીફ઼ (ગાઢ ચીજ)નો હોય છે અને આપની જાત માથાથી પગો સુધી નૂર છે, તે એવું ભૂલી જાય છે કે હુઝૂરે તાઈફ઼માં પથ્થર અને ગઝવાએ ઓહદમાં ઝખ્મ ખાધા છે.

દીવાની નીકળતી રોશની અને ચાંદનીથી પ્રકાશિત વાતાવરણમાં પથ્થર ફેંકો, શું નૂર (પ્રકાશ)ના શરીરથી લોહી નીકળવા લાગશે ? જાહેર છે કે કષીફ઼ (ગાઢ) ચીજનો ઘા ગાઢ ચીજ પર પડે છે, ન કે લતીફ઼ (બારીક) ચીજ પર.'' *(માહનામા ''તજલ્લી'' દેવબંદ, હાસિલે મુતાલિઆ નંબર, પેજ નં. ૩૯)*

જરા ઊંડાણમાં ઉતરીને વિચારો કે રૂહાની શક્તિ અને

મોજિઝાઓના ઈન્કારમાં યૂરોપના ભૌતિકતાવાદી અધર્મીઓ જે દિશાએ વિચારે છે, તેમાં અને આ વિચાર પધ્ધતિમાં શું ફરક છે ?

પ્રાકૃતિક કાનૂન તેમને ત્યાં પણ દિમાગના સનમખાનાની સૌથી મોટી મૂર્તિ છે. અને આ ઈન્કાર કરનારાઓએ પણ એ જ કાનૂનને પોતાની વિચાર દ્રૂષ્ટિનું કેન્દ્ર બનાવ્યો છે. ઈમાન તથા યકીનનો સંબંધ તૂટી શકે છે, પ્રાકૃતિક કાનૂન ભલા કઈ રીતે તૂટી શકે ?! ઈતિહાસ થકી એ વાત માલૂમ થઈ કે હુઝૂરે તાઈફમાં પથ્થર તથા ગઝવાએ ઓહદમાં ઝખ્મ ખાધા છે. પ્રાકૃતિક કાનૂને એ બતાવ્યું કે ગાઢ ચીજનો ઘા ગાઢ ચીજ પર જ પડે છે, ન કે લતીફ (બારીક) ચીજ પર, એટલા માટે મઆઝલ્લાહ ! હુઝૂરના શરીરનું કષીફ (ગાઢ) હોવું જરૂરી છે, અને જયારે તે કષીફ (ગાઢ) છે તો એનો સાયો પણ અનિવાર્ય છે.

## ★ દેવબંદી વિચારશ્રેણીનો ભયાનક અંજામ ! ★

પ્રાકૃતિક કાનૂનના પાયા હેઠળ સાયો ન હોવાના ઈન્કારમાં વિચારવાનો આ અંદાજ જો સત્યના પલ્લે ઠરાવવામાં આવે તો હુઝૂર ﷺનો સાયો ન હોવાનો અકીદો જ નહીં, અંબિયાના સર્વ મોજિઝાઓથી ઈન્કાર કરી શકાય છે !

દા.ત. હઝરત મૂસા رحمۃ اللہ علیہના યદે બયઝા (ચમકતો હાથ) થકી પ્રકાશ ફૂટવાનો અકીદો કુર્આનથી સાબિત છે, ત્યાં પણ આ જ રીતનો સવાલ ઉઠાવી શકાય છે કે સામાન્ય પ્રાકૃતિક કાનૂનના પ્રમાણે પ્રકાશ ક્યાં તો દીવાથી ફૂટે છે અથવા કોઈ લતીફ ચીજથી.

એ જ પ્રમાણે જે શખ્સ હઝરત ઈસા رحمۃ اللہ علیہ ના વિશે એવો અકીદો ધરાવે છે કે તે મુર્દાને જીવતુ કરી આપ્યા કરતા હતા,





ત્યાં પણ બૌધ્ધિક વાંધો ખડો કરી શકાય છે કે સૂકાય ગયેલી નસો અને ઠંડા પડી ગયેલા દિલ અને ઠંડી લાશમાં જિંદગીનું પરત આવવું સામાન્ય નિયમ પ્રમાણે તથા પ્રાકૃતિક રીતે શક્ય નથી, એટલા માટે મઆઝલ્લાહ ! આ અકીદો ધડમૂળથી વાસ્તવિક્તાની વિરૂધ્ધ છે.

હઝરત દાઊદ رحمۃ اللہ علیہના બારામાં આ અકીદો ઈસ્લામમાં સાબિત થયેલો છે કે તેમની મુઠ્ઠીમાં લોખંડ મીણની જેમ પીગળી જતુ હતું. તો અહીં પણ કાનૂનની દિવાલ આડી કરો કે લોખંડને પીગાળવા માટે જેટલી ગરમીની જરૂરત છે તે કેવળ આગ પહોંચાડી શકે છે. માનવ શરીરમાં એટલી ગરમીનું હોવું પ્રાકૃતિક રીતે અશક્ય છે, એટલા માટે મઆઝલ્લાહ ! આ અકીદો પણ હકીકતથી વિરૂધ્ધ છે.

એ જ પ્રમાણે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ رحمۃ اللہ علیہના વિશે એ અકીદો સાબિતીનો મોહતાજ નથી કે સળગતા અંગારાઓ તથા ભડક્તા શોલાઓમાં તેમને નાખી દેવામાં આવ્યા, પરંતુ આગના સમુદ્રથી તે સંપૂર્ણપણે બચીને નીકળી આવ્યા.

અહીં પણ પ્રાકૃતિક કાનૂનનો સિક્કો ચલાવો કે સળગતા અંગારાઓથી કોઈ માનવ શરીરનું સુરક્ષિત નીકળવું બુધ્ધિ તથા પ્રકૃતિ બંનેની વિરૂધ્ધ છે. એટલા માટે મઆઝલ્લાહ ! આ કિસ્સો પણ કોઈ કાલ્પનિક વાર્તાની જેમ તદ્દન ગલત તથા હકીકતની વિરૂધ્ધ છે.

એટલે સુધી કે ખૂદ સરવરે કાઈનાત ﷺના વિશે હદીષોની કિતાબોમાં આ પ્રકારના અસંખ્ય બનાવો મળે છે કે સરકાર ﷺના ઈશારા પર ઝાડો ઝુમતાં ઝુમતાં જમીનની છાતી ચીરીને પોતાનાં થડોના આધાર પર ચાલતાં ચાલતાં ખિદમતમાં હાજર

થતાં અને ઈશારો પામતાં ફરી પોતાની મૂળ હાલતમાં પરત થઈ જતાં હતાં.

અહીં પણ ક઼યાસના ઘોડા દોડાવો કે ઝાડોનું વાત સમજવું, કોઈની તરફ ચાલવું, પછી પાછા વળવું અને મૂળો છોડી દેવા છતાં હર્યુભર્યુ રહેવું પ્રાકૃતિક ક઼ાનૂનની વિરૂધ્ધ છે, એટલા માટે મઆઝલ્લાહ ! આ બનાવ પણ સહીહ નથી.

અને ''ઉસ્તુને હન્નાનાનો'' બનાવ તો એનાથી પણ અધિક આશ્ચર્યકારક છે કે એક સૂકી લાકડી સાથે હુઝૂર ﷺનું શરીર મુબારક સ્પર્શી ગયું તો ન કેવળ એ કે એમાં જિંદગીની સમજ પેદા થઈ ગઈ બલ્કે તેનામાં ઈશ્ક઼ની તડપ તથા દર્દ જાગી ઉઠયું ! અને દુઃખી માનવોની જેમ રસૂલેપાક ﷺના વિરહમાં ધ્રુસ્કાભેર રડવા લાગી !

અહીં પણ બદમસ્ત બુધ્ધિના માર્ગદર્શન હેઠળ જીભને ટીકા માટે લંબાવો કે પ્રાકૃતિક ક઼ાનૂન હેઠળ એક સૂકી લાકડીમાં માનવી જીવનનો ઉદ્ભવ તબદીલ નથી થઈ શક્તો, એટલા માટે મઆઝલ્લાહ ! આ બનાવ પણ ઘડમૂળથી બનાવટી તથા પાયાહિત છે.

**★ આ દેવબંદી વિચારશ્રેણી નાસ્તિકો સમાન છે ! ★**

એ જ પ્રમાણે સરકારે રિસાલત ﷺના પવિત્ર શરીરના વિશે સામાન્યતઃ હદીષોની કિતાબોમાં આ રિવાયત મૌજૂદ છે કે હુઝૂર ﷺના શરીર મુબારક પર માખી બેસતી ન હતી. હુઝૂર ﷺનો પરસેવો મુશ્ક઼ તથા અંબરની જેમ ખુશ્બૂથી સુગંધિત રહેતો હતો, પોતાનાથી ઊંચા માનવોની ભીડમાં પણ હુઝૂર સૌથી ઊંચા દેખાતા હતા. વળી આ જ બશરી શરીરની સાથે હુઝૂર ﷺ શબે મેઅરાજમાં વિશાળ વાતાવરણથી પસાર થયા, આસ્માનો પર



નબી પાક ﷺના શરીરને પડછાયો ન હતો

ગયા, જન્નતોની સૈર કરી, સિદરતુલ મુન્તહાથી આગળ હિજાબે અઝમત પાર કરીને લા મકાંમાં પહોંચ્યા અને રબના જલ્વાનો માથાની આંખો વડે દીદાર કરીને તારાઓની છાંવમાં ખૈર તથા સલામતી સાથે પરત આવ્યા.

અક્કલના ઘોડા પર સવાર થઈને મઆઝલ્લાહ ! આ સર્વ રિવાયતોનો પણ ઈન્કાર કરી આપો ! એમાંથી કઈ એવી વાત છે કે જે પ્રાકૃતિક ક઼ાનૂનના હેઠળ બશર (માનવી)ની સામાન્ય હાલતો સાથે મેળ ખાતી હોય ? શક્ય છે કે એ સર્વ વાતોના બારામાં એવું કહેવામાં આવે કે એ તો અંબિયાના મોજિઝાઓ છે અને મોજિઝા ખુદાના અસીમ કુદરતનું પ્રદર્શન છે એટલા માટે એ બનાવોને સ્વીકારી લેવામાં બૌધ્ધિક તથા પ્રાકૃતિક રીતે અશક્ય નથી.

એ જવાબનું સહીહ હોવુ માન્ય, તો પણ એ પ્રશ્ન કરી શકાય છે કે શું ખુદા તઆલાની વિશાળ કુદરત કેવળ એ જ વાતથી લાચાર છે કે તેના મહબૂબ સરાપા નૂર ﷺના શરીર મુબારકને પડછાયો ન હોય ?!

આ ચર્ચાથી એ વાત સાબિત થઈ ગઈ કે સાયો ન હોવાની સાબિતીમાં જે દલીલો અમે રજૂ કરી છે તેનાથી થોડીવાર માટે નજર હટાવી પણ લઈએ તો પણ કેવળ એ આધાર પર આ અક઼ીદાનો ઈન્કાર નથી કરી શકાતો કે એવું થવું બૌધ્ધિક તથા પ્રાકૃતિક દ્રષ્ટિએ અશક્ય છે.

યાદ રાખશો કે મોજિઝાના વર્ણનથી અમારો હેતુ કેવળ એટલું જ સાબિત કરવાનો છે કે જ્યારે એ બાબતોના બનાવમાં પ્રાકૃતિક ક઼ાનૂનની સિસ્ટમ આડ નથી તો શરીર મુબારકને સાયો ન હોવાની ચર્ચામાં પ્રાકૃતિક ક઼ાનૂનને ઈન્કારનો પાયો શા માટે બનાવવામાં આવે છે ?!

સારી રીતે સમજી લો કે હુઝૂર ﷺનું માથાથી પગ સુધી નૂર હોવું સાયો ન હોવાની દલીલ નથી, બલ્કે એ તો સાયો ન હોવાની સ્પષ્ટતા છે. દલીલ તો અસલમાં તે રિવાયતો છે જે હદીષોની કિતાબોમાં તદ્દન એ રીતે નકલ થયેલી છે જેવી રીતે અન્ય મોજિઝાઓની રિવાયતો નકલ કરવામાં આવેલી છે.

## ★ હુઝૂર ﷺ નૂરી બશર હતા, આપણા જેવા નહીં ! ★

ફિત્નાપરવાર અને બાતિલ ખયાલ દિમાગની એ પણ ખૂબ જ મહાન અતિશયોક્તિ છે કે હુઝૂરેપાક ﷺ ઝખ્મી થયા, શરીર મુબારકથી લોહી વહ્યું, એટલા માટે સાબિત થયું કે મઆઝલ્લાહ ! હુઝૂર ﷺનું શરીર નૂરી ન હતું, ગાઢ (કષીફ) હતું, અને જ્યારે ગાઢ હતું તો તેના પડછાયો પડવું જરૂરી હતું.

સમજમાં એ વાત નથી આવતી કે હુઝૂર ﷺના ઝખ્મી થવામાં અને સાયો ન હોવામાં વિરોધાભાસ શું છે ? એક શરીરથી વિવિધ કૈફિયતોનું જાહેર થવું ક્યારે અશક્ય છે ? દા.ત. સામાન્ય માનવોનું શરીર વિવિધ તત્વોનો સમૂહ છે, અને દરેક તત્વનું ઝહૂર (પ્રદર્શન) એક જ સમયે થતુ રહે છે. તો આગના તત્વની કૈફિયતને જોઈને જો કોઈ પાણીના તત્વની હાજરીનો ઈન્કાર કરે છે તો તેને પાગલપન સિવાય અન્ય શું કહી શકાય છે ?!

સરકારે રિસાલત ﷺ જેવી રીતે પગથી માથા સુધી નૂર હતા તેવી જ રીતે એ અક઼ીદો પણ હક઼ીક઼ત છે કે હુઝૂર ''બશર'' (માનવ) પણ હતા. અને એ પણ હક઼ીક઼ત છે કે શરીર પાકથી નૂરી તથા બશરી બંને કૈફિયતોનો ઝહૂર  થતો રહ્યો.

જ્યારે સરકાર ﷺ ના શરીર મુબારકથી લોહી ટપક્યું, જ્યારે સરકાર ﷺને ખાવા પીવાની ઈચ્છા થઈ, જ્યારે હુઝૂર





ﷺ દાંમ્પત્ય જીવનથી નિકટ થયા, જ્યારે મોટી વયે કમજોરી તથા કમશક્તિ લાગુ થઈ અને જ્યારે શરીર મુબારકને બીમારી લાગુ થઈ તે સમયે બશરિયતના ગુણોનો ઝહૂર હતો.

પરંતુ જ્યારે સરકાર ﷺ એ કેટલાયે મહીનાઓ સુધી વિના ઈફતાર કર્યે સતત રોઝા રાખ્યા અને કોઈ પ્રકારની શારીરિક કમજોરી ન મેહસૂસ થઈ, જ્યારે સરકાર ﷺ એ અંધારી રાત્રે પોતાના ગામ પરત થતી વેળા એક સહાબીને ખજૂરની ડાળી પોતાના હાથ મુબારકનો સ્પર્શ કરીને અર્પણ કરી અને થોડેક દૂર ચાલ્યા બાદ તે દીવાની જેમ પ્રકાશિત થઈ ગઈ, જ્યારે હિજરતની રાત્રે ઘેરાવ કરેલ ક઼ાતિલોની આંખો તળેથી હુઝૂર ﷺ બહાર નીકળી આવ્યા અને કોઈ તેમને ન જોઈ શક્યો, જ્યારે સરકાર ﷺએ એક હબ્શી ગુલામના કાળા ચહેરાને પોતાની નજરની તજલ્લી વડે ઉજ્જવળ બનાવી દીધો, જ્યારે શરીર મુબારક સાથે હુઝૂર ﷺએ શબે મેઅરાજના મલકૂતે આ'લાની સૈર કરી અને સિદરતુલ મુન્તહાની તે હદથી આગળ નીકળી ગયા જ્યાં ફરિશ્તાઓની પાંખો સળગી જાય છે, જ્યારે હુઝૂર પીઠ પાછળની ચીજોને એ રીતે જોતા જેવી રીતે સામેની ચીજોને કોઈ જુએ છે, તો એ સમયે નૂરાનિયત તથા કુદ્સિયતના ગણોનો ઝહૂર હતો.

ચર્ચાનો સારાંશ એ કે જે ક્ષણોમાં હુઝૂરનો ''પયકર'' (વજૂદ) બશરી હતું એ જ ક્ષણે હુઝૂર નૂરી પણ હતા. સરકાર ﷺની બંનેવ હૈસિયતોમાં કોઈ બૌધ્ધિક તથા શરઈ રોકથામ નથી. અને જ્યારે શરીર મુબારકની બે હૈસિયતો હતી તો બંને પ્રકારની ખૂબીઓના પ્રદર્શનને જોઈને જેવી રીતે સરકાર ﷺની બશરિયતનો ઈન્કાર ગલત છે, બિલ્કુલ એ જ પ્રમાણે બશરિયતના નઝારા જોઈને સરકાર ﷺની નૂરાનિયતનો ઈન્કાર પણ સહીહ નથી. હક્ક઼ મસ્લક બંને હૈસિયતોનો સંગમ અને બંને હૈસિયતોને સમાવે છે.

## દેવબંદીઓની કિતાબોથી સાબિતી

**★ હે હઠીલા દેવબંદીઓ !**

**તમારા વડીલોનું તો માનો ! ★**

*(અઝ : મૌલાના અબ્દુલમુબીન નોઅમાની–મુબારકપુર)*

હુઝૂર જાને નૂર ﷺના શરીર મુબારકને સાયો ન હોવા વિશે ઉપરોક્ત વર્ણનમાં હઝરત અલ્લામા અર્શદુલક઼ાદરી رحمۃ اللہ علیہ એ જે અક઼્લી તથા નક઼્લી દલીલો પેશ કરી છે તે એક ઈસ્લામી ચિંતન તથા સહીહુલ ઈમાન શખ્સના માટે સંતોષ અર્પનારી પણ છે અને રૂહને ખુશ કરનારી પણ છે. હુઝૂર સરવરે કાઈનાત રિસાલત મઆબ ﷺની મોજિઝામય ફઝીલત તથા પયગંબરાના કુવ્વત તથા શક્તિનો સ્વીકાર કરી લીધા પછી આ મસ્અલો આપોઆપ જ મોમિનના દિલની ગહરાઈઓમાં સ્થાન પામી લે છે, પર દિમાગો પર શખ્સિયત પરસ્તી તથા ગૃપબંધીનો પૂર્વગ્રહ એવો જામેલો હોય છે કે જ્યાં સુધી તેમની જ જમાઅતના કોઈ આલિમનો ક઼ૌલ નક઼લ કરવામાં ન આવે ત્યાં સુધી સંતોષ થતો નથી ! જેથી હું એવા જ મુન્કિરોના સંતોષ ખાતર તેમના જ ઘરની અમુક ગવાહીઓ રજૂ કરી રહ્યો છું જેથી જો તેમના દિમાગનો કાંટો ન પણ નીકળી શકે તો પણ કમસેકમ ચિંતન માટે નિમંત્રણ જરૂર થશે.

**★ દેવબંદીઓના પેશવા**

**મોલ્વી રશીદ અહમદ ગંગોહીનું લખાણ ★**

''હક઼્ક઼ તઆલા આં જનાબ સલામહૂ અલૈહ રા ફરમૂદ વ બ





તવાતૂર ષાબિત શુદ કે આં હઝરતે આલી સાયા ન દાશતન્દ વ ઝાહિર અસ્ત કે બજુઝ નૂર હમા ઈજસામ ઝિલ્લ મી દારંદ'' *(પેજ–૮૫,૮૬, ઈમ્દાદુસ્સુલૂક, મઅબૂઆ : બિલાલી દખાની પ્રેસ, સાઢોરા)*

એટલે કે, ''હક઼્ક઼ તઆલાએ હુઝૂર ﷺને નૂર ફર્માવ્યા. અને એ વાત તવાતૂર (સતત રાવીઓ)થી સાબિત છે કે આં હઝરત ﷺ સાયો ધરાવતા ન હતા. અને જાહેર છે કે નૂરના સિવાય સર્વ શરીરોને સાયો હોય છે.''

**★ દેવબંદી પેશવા**

**મોલ્વી અશ્રફઅલી થાનવીનું બયાન ★**

''એ જે મશ્હૂર છે કે સાયો ન હતો હુઝૂર ﷺનો તો એ અમુક રિવાયતોથી માલૂમ પડે છે, જો કે તે ઝઈફ છે, પણ ફઝાઈલમાં દલીલને પાત્ર થઈ શકે છે.'' *(મીલાદુન્નબી, ભાગ–૪,અલ્ મુરબ્બઅ ફિઝ્ઝબીઅ, પેજ–૫૭૨)*

બીજી જગ્યાએ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે છે :–

''એ વાત ઘણી મશ્હૂર છે આપણા હુઝૂર ﷺ સરાપા નૂર જ નૂર હતા. કેમ કે પડછાયા માટે ઝુલ્મત (અંધકાર) જરૂરી છે.'' *(શુકુન્નેઅમતિ બિ ઝિક્રિર્રહ્મહ, પેજ–૩૯ બહવાલા, ઝિક્રે જમીલ, અઝ : મૌલાના શફીઅ ઓકાળવી)*

**★ મુફ્તીએ દેવબંદ મુફ્તી અઝીઝુર્રહમાનનો ફત્વો ★**

**સવાલ** : તે હદીષ કઈ છે જેમાં એવું છે કે રસૂલે મકબૂલ ﷺ નો સાયો જમીન પર પડતો ન હતો ?

**જવાબ** : ઈમામ સિયૂતીએ ''ખસાઈસે કુબરા'' માં આં હઝરત ﷺનો સાયો જમીન પર ન પડવાના બારામાં આ

હદીષ નક઼લ કરી છે.

اَخْرَجَ الْحَكِيْمُ التِّرْمِذِى عَنْ ذَكْوَانِ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَ اللّٰهُ عَلَيْهِ
وَسَلَّمَ لَمْ يَكُنْ يُرىٰ لهٗ ظِلٌّ فِى شَّمْسِ وَالْقَمَرِ الخ۔

**(અર્થ)** : "હાકિમ તિર્મિઝીએ ઝકવાનથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો સાયો મુબારક ન સૂરજના તડકામાં જોવા મળતો હતો ન ચંદ્રની ચાંદનીમાં."

અને "તવારીખે હબીબે ઈલાહ" માં મુફ્તી ઈનાયત અહમદ સાહબ લખે છે :

"આપનું બદન નૂર હતું એના કારણે આપનો સાયો (પડછાયો) ન હતો. મોલ્વી હાજી રહ્‌મતુલ્લાહએ આપનો સાયો ન હોવાનો સરસ મુદ્દો આ કત્આમાં લખ્યો છે :–

**પયગમ્બર મા ન દાશ્ત સાયા**
**ના શક ન દિલ યક઼ીન નિયફ્તદ**
**યઅની હર કસ કે પયરો ઓસ્ત,**
**પયદાસ્ત કે પા ઝમીં નેફ્તદ**

*(અઝીઝુલ ફતાવા, ભાગ–૬, પેજ–૨૦૨)*

આશા છે કે હવે દરેક ન્યાયપ્રિય વ્યક્તિ મસ્અલાની સંપૂર્ણ દિશાઓથી વાકેફ થઈ ગયો હશે અને કોઈ મુન્કિરને પણ ઈન્કારની મજાલ થશે નહીં. وَاللّٰهُ يَهْدِى الى سواء السَّبِيْلِ





# કલામુલ ઈમામ ઈમામુલ કલામ

**અઝ : આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત**

**ઈમામ અહમદ રઝાખાં** رحمۃ اللہ علیہ

નબી સરવરે હર રસૂલો વલી હૈ
નબી રાઝદારે *મઅલ્લાહ લી* હૈ

વો નામી કે નામે ખુદા નામ તેરા
રઉફો રહીમો અલીમો અલી હૈ

હૈ બેતાબ જિસ કે લિયે અર્શે આ'ઝમ
વો ઉસ રહ રવે લા મકાં કી ગલી હૈ

નકીરૈન કરતે હૈં તઅઝીમ મેરી
ફિદા હો કે તુઝ પર યે ઈઝ્ઝત મિલી હૈ

તલાતુમ હૈ કશ્તી પે તુફાને ગમ કા
યે કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ

ન ક્યૂં કર કહૂં યા હબીબી અગિષ્ની
ઈસી નામ સે હર મુસીબત ટલી હૈ

તેરે ચારોં હમ દમ હૈં યક જાન યક દિલ
અબૂબક્ર ફારૂક઼ ઉષ્માન અલી હૈ

જો મક઼સદ ઝિયારત કા બર આએ ફિર તો
ન કુછ કસ્દ કિજીયે યે કસ્દે દિલી હૈ

તેરે દર કા દરબાં હૈ જિબ્રીલે આ'ઝમ
તેરા મદહખ્વાં હર નબીયો વલી હૈ

શફાઅત કરે હશ્ર મેં જો **"રઝા"** કી
સિવા તેરે કિસ કો યે કુદરત મિલી હૈ